# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 31-03-2026 Day: Tuesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## PM- રાજ્યની મુલાકાતે:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાજ્યની એક દિવસની મુલાકાતે આવશે. તેઓ આજે વાવ-થરાદ ખાતેથી કુલ 19 હજાર 806 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેમાં ભારત સરકારના ઊર્જા, માર્ગ,પરિવહન અને હાઇવે તેમજ રેલવે મંત્રાલયના 10 હજાર 921 કરોડ રૂપિયાના અને ગુજરાત સરકારના શહેરી વિકાસ, જળ સંસાધન, પાણી પુરવઠા, માર્ગ અને મકાન, GIDC, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પ્રવાસન અને આદિજાતિ વિકાસ વિભાગના 8 હજાર 886 કરોડ રૂપિયાના વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.**

**શ્રી મોદી કચ્છ જિલ્લાના ખાવડા ખાતે વિશ્વના સૌથી મોટા હાઇબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક ખાતે ઊર્જા મંત્રાલય હેઠળના 3 હજાર 664 કરોડ રૂપિયાના 3 પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત, 750 કરોડ રૂપિયાના ખર્ચે ઇડર-બડોલી બાયપાસ ફોર લેન રોડ અને ધોળાવીરા-મૌવાણા-વોવા-સાંતલપુર વિભાગનું ખાતમુહૂર્ત કરશે.**

**-------------------------------------------------------------------------------------------**

## ટેકનોલોજી મંત્રી-(ECMS):

**ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે ગઈકાલે નવી દિલ્હીમાં ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ સ્કીમ (ECMS) હેઠળ કંપનીઓને મંજૂરી પત્રો સોંપ્યા. કુલ 7 હજાર 100 કરોડથી વધુના રોકાણ સાથે કુલ 29 અરજીઓને મંજૂરી આપવામાં આવી છે.**

**આ પહેલથી 14,200 થી વધુ લોકો માટે રોજગારીનું સર્જન થવાની અપેક્ષા છે. આ પ્રોજેક્ટ્સથી 84 હજાર 500 કરોડથી વધુનું ઉત્પાદન થવાની અપેક્ષા છે.**

**શ્રી વૈષ્ણવે મીડિયાને માહિતી આપી કે ECMS કાર્યક્રમ હેઠળ 61 હજાર કરોડના રોકાણ સાથે 75 પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે.**

---

## PM-સ્વનિધિ યોજના:

**પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના હેઠળ, શેરી વિક્રેતાઓને કુલ 17 હજાર 115 કરોડની એક કરોડથી વધુ લોનનું વિતરણ કરવામાં આવ્યું છે. શહેરી શેરી વિક્રેતાઓને જામીનમુક્ત મૂડી લોન આપવા માટે આ યોજના જૂન 2020 માં શરૂ કરવામાં આવી હતી. ગૃહ અને શહેરી બાબતોના રાજ્યમંત્રી તોખાન સાહુએ રાજ્યસભામાં એક લેખિત જવાબમાં આ માહિતી આપી હતી.**

---

## RFOની બદલી:

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થાય તે પૂર્વે વિવિધ વિભાગમાં બદલીઓના હુકમનો દૌર ચાલુ છે,ત્યારે  રાજ્યના વન અને પર્યાવરણ વિભાગ તરફથી રાજ્યના 365 રેન્જ ફોરેસ્ટ ઓફિસરની બદલીના હુકમ કરવામાં આવ્યા છે, જેમાં કચ્છ વિસ્તારના 27 આર.એફ.ઓ.નો સમાવેશ થાય છે.

---

## નોડેલ અધિકારીની નિમણુંક:

એપ્રિલના પહેલા સપ્તાહમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થાય તેવી સંભાવના વચ્ચે કચ્છનું તંત્ર ચૂંટણીલક્ષી કામગીરી કરવા માટે સુસજ્જ બની રહ્યું છે.ત્યારે કચ્છમાં વિવિધ

કામગીરીને સુપેરે પાર પાડવા માટે નોડેલ અધિકારીઓની નિયુક્તિના આદેશ જારી કરવામાં આવ્યા છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર આનંદ પટેલ દ્વારા જારી કરાયેલા આદેશ અંતર્ગત વિવિધ વિભાગના અધિકારીઓને નોડેલ અધિકારીની જવાબદારી સોંપવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------

## <u>ટ્રેઝરી તેમજ બેંકો ચાલુ:</u>

નાણાંકીય વર્ષ 2025-2026 પૂર્ણ થઈ રહ્યું હોવાથી, ચાલુ નાણાંકીય વર્ષ દરમિયાન સરકારની ગ્રાન્ટમાંથી ટ્રેઝરી કચેરી દ્વારા અમુક ચૂકવણી કામગીરીને પહોંચી વળવા ભુજ જિલ્લા ટ્રેઝરી હેઠળની તમામ જિલ્લા ટ્રેઝરી અને સબ-ટ્રેઝરી કચેરીઓ તેમજ સરકારી રોકડ વ્યવહારોનું સંચાલન કરતી બેંક શાખાઓ આજે 31મી માર્ચના સાંજે 6:10 વાગ્યા સુધી અને ત્યારબાદ આગળની સૂચના ન મળે ત્યાં સુધી સરકારી કામકાજ માટે ખુલ્લી રહેશે તેવુ જીલ્લા કલેક્ટર આનંદ પટેલ દ્વારા આદેશ જારી કરવામાં આવ્યો છે.

---------------------------------------------------------------------------------------------

## <u>મહાવીર સ્વામીની જયંતી:</u>

જૈન ધર્મના 24માં તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીનાં 2625માં જન્મ કલ્યાણક પર્વ મહાવીર જયંતિની આજે સમગ્ર જિલ્લામાં જૈન સમાજ દ્વારા શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. ભુજમાં જૈનોના સાત સંઘ દ્વારા આજે રથ યાત્રાનું આયોજન થયું છે, એ પછી નવ કારશી યોજાશે. આ ઉપરાંત જીવદયાની વિવિધ પ્રવૃતિઓ હાથ ધરાશે. ગાંધીધામમાં સમસ્ત જૈન સમાજ દ્વારા છેલ્લા બે દિવસ થી વિવિધ સેવા કાર્યો અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા મહાવીર જયંતિની ઉજવણી કરવામા આવી રહી છે. આજે સવારે શોભાયાત્રા યોજાશે. રક્તદાન શિબિર અને જૈન પ્રતિભા સન્માનનાં કાર્યક્રમોનું આયોજન થયું છે. જિલ્લાના અન્ય નગરો અને ગામોમાં તેમજ અબડાસા તાલુકાના જૈનપંથ તીર્થના ગામોમાં આ પર્વનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

---

IPL:

ઇન્ડિયન પ્રીમિયર લીગ આઈ.પી.એલની 19 મી શ્રેણીમાં ગુજરાત ટાઇટન્સનો પ્રથમ મુકાબલો આજે પંજાબ કિંગ્સ સાથે થશે. મેચ ન્યૂ ચંદીગઢ ખાતે સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

---